# ઓહ માય ડોગ : બાળકો અને પાળતુ શ્વાનના અતૂટ પ્રેમની સંવેદનશીલ વાર્તા




ઓહ માય ડોગ એ બે નાનાં બાળકો અને તેમના પાળતુ શ્વાન વચ્ચેના અતૂટ સ્નેહની સમાંતર ચાલતી સંવેદનશીલ વાર્તા છે. એક તરફ આસામમાં રહેતો અપ્પુ પોતાના ખોવાયેલા શ્વાન મોમોને શોધવા નીકળે છે અને આ દરમિયાન શ્વાન ચોરીના ગેરકાયદે રેકેટ સાથે જોડાયેલા ભ્રષ્ટ પોલીસ અધિકારી યુસુફ હજારીનો પર્દાફાશ કરે છે. બીજી તરફ બિહારમાં પ્રિન્સ નામના બાળકનું કિડની ચોરી કરતી ટોળકી દ્વારા અપહરણ થાય છે, જ્યાં તેનો વફાદાર શ્વાન ઓસ્કર તેને બચાવીને ગેરકાયદે કિડની ટ્રેડિંગના આખા નેટવર્કને ખુલ્લું પાડે છે.

અમિત રાય દ્વારા લખાયેલી આ વાર્તા મૂળભૂત રીતે લાગણીસભર છે, પરંતુ પટકથાની ધીમી ગતિ ફિલ્મને ઘણી જગ્યાએ ખેંચાયેલી બનાવે છે. મનોરંજન અને હાસ્યના અભાવને લીધે ડ્રામા ક્યાંક કંટાળાજનક બને છે. બંને ટ્રેકના ક્લાઈમેક્સ સંતોષકારક હોવા છતાં, જે પ્રકારનો ભાવનાત્મક ઉભાર કે રોમાંચ પ્રેક્ષકોને મળવો જોઈતો હતો તેમાં કચાશ રહી જાય છે.

અભિનયની વાત કરીએ તો અપ્પુ તરીકે માહી રાયે ખૂબ જ ક્યૂટ અને આત્મવિશ્વાસપૂર્ણ કામ કર્યું છે. પંકજ ત્રિપાઠીએ શિક્ષકની નાની ભૂમિકામાં પણ પોતાનું વજન ઊભું કર્યું છે, જ્યારે વિજય મિશ્રા, સુલક્ષણા બરુઆ, પવન મલ્હોત્રા અને ગીતા અગ્રવાલે પોતાની ભૂમિકાઓને પૂરો ન્યાય આપ્યો છે. અન્ય સહાયક કલાકારોનો સાથ પણ સારો રહ્યો છે. અમિત રાયના સંવાદો સારા છે. જો ફિલ્મનું એડિટિંગ વધુ ચુસ્ત હોત અને ભાવનાત્મક દ્રશ્યોમાં ઊંડાણ હોત તો આ વાર્તા વધુ અસરકારક બની શકી હોત. એકંદરે, પ્રાણીપ્રેમીઓ અને પારિવારિક દર્શકો માટે આ એક સાધારણ છતાં જોવાય તેવી ફિલ્મ છે.



**મૂવી રિવ્યુ**

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: ઓહ માય ડોગ

રેટીંગ: ★★½☆☆

એક લાઈનનો પ્રતિભાવ: માણસ અને પ્રાણી વચ્ચેના ભાવનાત્મક સંબંધના સંદેશ છતાં હાસ્ય અને ચુસ્ત એડિટિંગનો અભાવ ફિલ્મને સામાન્ય બનાવે છે.

**અભિનેતાઃ** માહી રાય, પંકજ ત્રિપાઠી, પવન મલ્હોત્રા, રાજેશ કુમાર, ગીતા અગ્રવાલ, શ્રીધર દુબે, ઓસ્કર, બ્રુનો **નિર્માતાઃ** બાબુલાલ બાયોસ્કોપ, થિંકિંગ હેટ્સ એન્ટરટેઈનમેન્ટ **નિર્દેશક-વાર્તાકારઃ** અમિત રાય

## સા રે ગ મ — અનિલ આનંદ

### ભાજપમાં વંશવાદનો ઉદય



સામાન્ય રીતે કોઈપણ ક્ષેત્રમાં પુત્રનું આગળ આવવું એ વાતનો સંકેત માનવામાં આવે છે કે વર્તમાન વડા કે વાલી નિવૃત્તિ તરફ જઈ રહ્યા છે. સામાન્ય સંજોગોમાં રાજકારણમાં આ વાત સાચી હોઈ શકે છે, પરંતુ જ્યારે તમામ વિચારધારાના રાજકીય નેતાઓ વચ્ચે પોતાના સંતાનોને આગળ લાવવાની તીવ્ર હરીફાઈ જામી હોય ત્યારે નહીં. વિશ્વાસ કરો કે ન કરો, વંશવાદી રાજકારણને આગળ ધપાવવાની આ દોડમાં ભારતીય જનતા પાર્ટી ઝડપથી આગળ વધી રહી છે. ભૂતકાળમાં પાર્ટીએ ગાંધી-પરિવારને મુખ્ય નિશાન બનાવીને વંશવાદનો સખત વિરોધ કર્યો હતો. આ વિરોધથી નિ:શંકપણે ભગવા પક્ષને રાજકીય ફાયદો થયો છે. અને ભાજપના વરિષ્ઠ નેતાઓ કદાચ એવું વિચારે છે કે, જ્યારે પૂર્ણ સત્તા મેળવવાનો ધ્યેય હાંસલ થઈ જાય ત્યારે વલણ બદલવામાં અને રંગ બદલવામાં કોઈ નુકસાન નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બાદ કરતાં ભાજપના મોટા ભાગના દિગ્ગજ નેતાઓ વંશવાદી રાજકારણના સમર્થક બની ગયા છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના બે પુત્રોના પક્ષમાં વધી રહેલા વર્ચસ્વે એવી અટકળોને હવા આપી છે કે, આ વરિષ્ઠ નેતા સક્રિય રાજકારણમાંથી પાછા હટવાની તૈયારી કરી રહ્યા હશે. અથવા, શું તેઓ દ્રૌપદી મુર્મુના સ્થાને ભારતના આગામી રાષ્ટ્રપતિ બનવાની તૈયારી કરી રહ્યા છે.

### કોકરોચનો રાજકીય ઉદય

કોકરોચ (વાંદાઓ) ખૂબ જ મજબૂત જીવ હોય છે, જે દરેક મુશ્કેલ પરિસ્થિતિમાં જીવિત રહી શકે છે. તેઓ યુગોથી જીવતા આવ્યા છે - પછી તે પથ્થર યુગ હોય, હિમ યુગ હોય કે કુદરતની વિપરીત પરિસ્થિતિઓ હોય, કોકરોચ દરેક પરિસ્થિતિમાં જીવિત રહ્યા છેઅને માનવની સાથે-સાથે વિકસિત થતા રહ્યા છે. હા, 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ની સ્થાપનાને કારણે કોકરોચ હાલમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં છે - જેની સ્થાપના જેન-ઝી દ્વારા કરવામાં આવી છે. કોકરોચ જમીન પર ચાલી શકે છે અને સહેલાઈથી તિરાડોમાં છુપાઈ શકે છે. જોકે, ઊંચે ઊઠવા કે ચઢવા માટે તેમને એક આધારની જરૂર હોય છે. તેથી, જ્યારે સીજેપી પરીક્ષાના પેપર લીક અંગે તેમની જવાબદારી નક્કી કરવા માટે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને ઘેરવામાં સફળ રહી ત્યારે કોકરોચના આ સ્વરૂપને સામાન્ય રીતે આધારની જરૂર નહોતી, પરંતુ આંદોલનને આગલા સ્તર પર લઈ જવા માટે એક બાબત ખૂબ કામમાં આવી. શિક્ષણવિદ-પર્યાવરણવિદ સોનમ વાંગચુક સીજેપીના સ્થાપક અધ્યક્ષ અભિજિત દીપકેને ઊંચાઈઓ પર લઈ જવા માટે એક અસરકારક 'સીડી' બન્યા. વાંગચુક અચોક્કસ મુદતના ઉપવાસ પર બેઠા હોવાથી કાર્યક્રમ ધીમો હતો અને ધીમે ધીમે ગતિ પકડી રહ્યો હતો. જોકે, આ જીવંત કોકરોચના જીવનમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે તેમને ઘટનાસ્થળેથી ઉપાડીને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. બાકી તો બધો ઈતિહાસ છે જ. આ સમાચારને કારણે કોકરોચ પોતાના છુપાવાના સ્થળોએથી બહાર આવ્યા અને દિલ્હીના જંતર મંતર પર એકઠા થયા.



### લિફ્ટમાં અટવાયેલા સાંસદ



જુઓ, એક હાઇ-પ્રોફાઇલ સંસદસભ્ય થોડી મિનિટો માટે રડારમાંથી બહાર નીકળી ગયા અથવા ગુમ થઈ ગયા. અને બીજું કોણ હોઈ શકે, કૂટનીતિજ્ઞમાંથી કોંગ્રેસના સાંસદ બનેલા શશી થરૂર, જેઓ હેડલાઇન્સ બનાવવા અને ફેશન સ્ટેટમેન્ટ આપવા માટે જાણીતા છે, તેઓ સામાન્ય રીતે દરેક સંસદ સત્ર પહેલા કેરળમાં તેમના લોકસભા મતવિસ્તારનો પ્રવાસ કરે છે. ચોમાસુ સત્ર પહેલા પણ તેમણે એવું જ કર્યું હતું. જોકે, પોતાની તીક્ષ્ણ બુદ્ધિ અને ક્ષણિક જવાબો માટે જાણીતા આ ઉત્સાહી સાંસદ અચાનક સ્તબ્ધ થઈ ગયા કારણ કે તેઓ ઘટનાસ્થળેથી ગાયબ થઈ ગયા હતા. અચાનક ખ્યાલ આવ્યો કે તેઓ હોટેલમાં એક લિફ્ટમાં અટવા ફસાઈ ગયા હતા. જ્યાં તેઓ પોતાના મતવિસ્તારના પ્રવાસ દરમિયાન રોકાયા હતા.

# ઉત્તરાખંડની મહિલાએ ૮ ફૂટ ૧૦ ઈંચ લાંબા વાળ સાથે ગિનિસ બુકમાં નોંધાવ્યું નામ

**૨૭૧.૫૦** સેમી લાંબા વાળ સાથે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં નામ દર્જ; સૌથી ઊંચા વ્યક્તિની લંબાઈ જેટલી





દહેરાદૂન, તા. 8: ઉત્તરાખંડની એક મહિલાએ પોતાના વાળને આશ્ચર્યજનક 271.50 સેમી (8 ફૂટ 10 ઈંચ) સુધી વધારીને વર્ષોની ધીરજ અને અતૂટ સમર્પણથી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા પ્રકાશિત અહેવાલ અનુસાર\R, રેણુ ધાડિયાલને કોઈ જીવિત વ્યક્તિ (મહિલા)માં સૌથી લાંબા વાળ ધરાવવા માટે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી હતી. એપ્રિલમાં હલ્દવાની ખાતે તેમના આ રેકોર્ડ-બ્રેકિંગ વાળનું માપન અને ચકાસણી કરવામાં આવી હતી.

રેણુ ધાડિયાલ (ભારત) વિશ્વમાં સૌથી લાંબા વાળ ધરાવે છે! તેમણે જીવિત વ્યક્તિ (મહિલા)માં સૌથી લાંબા વાળનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

તેમની અદ્ભુત કાળી ઝુલ્ફોની લંબાઈ અકલ્પનીય 271.50 સેમી (8 ફૂટ 10 ઈંચ) છે.

ધાડિયાલના વાળની લંબાઈ અત્યાર સુધીના સૌથી ઊંચા નોંધાયેલા વ્યક્તિ રોબર્ટ વાડલો (જેમની ઊંચાઈ 272 સેમી હતી) કરતાં સહેજ જ ઓછી હતી.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ અનુસાર, ધાડિયાલ 2015થી સતત પોતાના વાળ વધારી રહ્યા હતા અને આ સમયગાળા દરમિયાન તેમણે વાળ કપાવ્યા નહોતા.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ સાથે વાત કરતી વખતે તેમણે રેણુ ધાડિયાલે જણાવ્યું હતું કે, વાળ વધારવાના તેમના નિર્ણય પર અંશતઃ ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓનો પ્રભાવ હતો, જ્યાં ઐતિહાસિક રીતે લાંબા વાળને સુંદરતા અને પરંપરા સાથે જોડવામાં આવે છે.

# કેરળની શાળામાં સાવરકર પરના પ્રશ્નથી રાજકીય બબાલ

**વિવાદિત** પ્રશ્નમાં પૂછવામાં આવ્યું હતું કે, "અંગ્રેજો તરફથી સૌથી કડક સજા પામનાર સ્વતંત્રતા સેનાની કોણ છે?"

**શિક્ષણ** મંત્રીએ આપ્યા તપાસના આદેશ

તિરુવનંતપુરમ, તા. 8 (પીટીઆઈ): શાળાની એક ક્વિઝમાં હિંદુત્વ વિચારધારક વી. ડી. સાવરકરને 'અંગ્રેજો તરફથી સૌથી કડક સજા પામનાર' સ્વતંત્રતા સેનાની તરીકે વર્ણવતા પ્રશ્નને લઈને કેરળમાં રાજકીય વિવાદ સર્જાયો છે, જેના પગલે સામાન્ય શિક્ષણ મંત્રી એન. સમસુદ્દીને તપાસના આદેશ આપ્યા છે.

મંત્રીના કાર્યાલય દ્વારા શનિવારે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, તેમણે સામાન્ય શિક્ષણ નિયામકને ક્વિઝ કોણે તૈયાર કરી અને યોજી તેની તપાસ કરવા અને જવાબદારો સામે સખત કાર્યવાહી કરવા સૂચના આપી છે.

કાસરાગોડ, કુંબલા અને મંજેશ્વર સબ-ડિસ્ટ્રિક્ટની શાળાઓમાં પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે 6 ઓગસ્ટે આ 'ફ્રીડમ ક્વિઝ' યોજવામાં આવી હતી.

મંત્રીના કાર્યાલયના જણાવ્યા અનુસાર, આ ક્વિઝ સોશિયલ સાયન્સ ક્લબ કે સામાન્ય શિક્ષણ વિભાગના પ્રવૃત્તિ કેલેન્ડરનો ભાગ ન હતી અને બંનેમાંથી કોઈએ પણ સ્વતંત્ર રીતે પ્રશ્નો તૈયાર કરવા કે સ્પર્ધા યોજવા માટે કોઈને સત્તા આપી ન હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ઐતિહાસિક રીતે અયોગ્ય પ્રશ્ન સમાવનાર વ્યક્તિ પક્ષપાતી વિચારસરણી ધરાવે છે." અને વધુમાં ઉમેર્યું હતું કે, મંત્રીએ શિક્ષણ નિયામકને જવાબદારોની ઓળખ કરીને કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

વિવાદિત પ્રશ્નમાં પૂછવામાં આવ્યું હતું કે, "અંગ્રેજો તરફથી સૌથી કડક સજા પામનાર સ્વતંત્રતા સેનાની કોણ છે?" જેમાં જવાબ તરીકે સાવરકરનું નામ આપવામાં આવ્યું હતું.

અહેવાલો અનુસાર, સોશિયલ સાયન્સ ક્લબ સાથે જોડાયેલા શિક્ષકોએ આ પ્રશ્નાવલી તૈયાર કરી હતી.

આ મુદ્દે સીપીઆઈ(એમ) અને ડાબેરી વિદ્યાર્થી અને યુવા સંગઠનો દ્વારા તીવ્ર ટીકા કરવામાં આવી હતી, જેણે કોંગ્રેસની આગેવાની હેઠળની યુડીએફ સરકાર પર શિક્ષણ ક્ષેત્રે 'સંઘ પરિવારના એજન્ડા'ને પ્રવેશવા દેવાનો આરોપ લગાવ્યો હતો.

સીપીઆઈ(એમ)ના વરિષ્ઠ નેતા અને કેરળના પૂર્વ મુખ્યમંત્રી પિનારાઈ વિજયને યુડીએફ સરકાર પર આરએસએસ સાથે સાઠગાંઠ કરવાનો આરોપ લગાવ્યો હતો અને એવો દાવો કર્યો હતો કે, સાવરકરના 'સાચા ઈતિહાસ'ને છુપાવવાનો અને તેમનું મહિમામંડન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# લગ્નના ૭ વર્ષમાં પત્નીનું મૃત્યુ થાય તો દહેજ મૃત્યુ ગણી શકાય: હાઇકોર્ટ

**આ માટે** પતિ કે સાસરીયાઓની સંડોવણીના કોઇ સીધા પુરાવાની જરૂર નથી દહેજ સતામણીના પુરાવા હોય તો દહેજ મૃત્યુ ગણી શકાય

**જો કે** પત્નીના અપમૃત્યુ બદલ દોષિત ઠરેલા પતિની સજા આજીવન કેદમાંથી ઘટાડીને દસ વર્ષની કરી



લખનૌ, 8 ઓગસ્ટ (PTI): જો કોઈ મહિલાનું લગ્નના સાત વર્ષની અંદર મૃત્યુ થાય અને દહેજ માટે સતામણીના પુરાવા હોય, તો તેને 'દહેજ મૃત્યુ' ગણવા માટે પતિ કે સાસરીયાઓની સંડોવણીના કોઈ પ્રત્યક્ષ પુરાવાની જરૂર નથી, તેમ અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે ચુકાદો આપ્યો છે.

અદાલતે આ અવલોકન દહેજ મૃત્યુના એક કેસમાં દોષિત ઠરેલા વ્યક્તિ, સંદીપ સિંહ હોરાની આજીવન કેદની સજા ઘટાડીને 10 વર્ષની સખત કેદમાં ફેરવતી વખતે કર્યું હતું. રાજ્યના પાટનગરના તાલકટોરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં 2010માં પત્નીના મોતની ઘટનામાં દોષિત જાહેર થયા બાદ, ટ્રાયલ કોર્ટ દ્વારા 2010માં હોરાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. હોરાએ આ સજા સામે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. શુક્રવારે આ અપીલ પર પોતાનો ચુકાદો આપતાં જસ્ટિસ અબ્દુલ મોઈન અને જસ્ટિસ પ્રમોદ કુમાર શ્રીવાસ્તવની ડિવિઝન બેન્ચે દહેજ માટે પત્નીના મોત મામલે હોરાની સજા યથાવત રાખી હતી, પરંતુ તેની સજાના વર્ષો ઘટાડી દીધા હતા. અદાલતે નોંધ્યું હતું કે મહિલાનું તેના સાસરીમાં અકુદરતી મૃત્યુ થયું હતું અને ટ્રાયલ દરમિયાન દહેજની માંગણીના સંબંધમાં ક્રૂરતા આચરવામાં આવી હોવાનું સાબિત થયું હતું.

જો કે, તેની સાથે બેન્ચે એ પણ સ્વીકાર્યું કે ટ્રાયલ કોર્ટ આજીવન કેદની મહત્તમ સજા ફટકારવા પાછળના યોગ્ય અને મજબૂત કારણો આપવામાં નિષ્ફળ રહી હતી. અદાલતે જણાવ્યું કે ટ્રાયલ કોર્ટે સજાની માત્રા નક્કી કરતી વખતે ગંભીર અને હળવા સંજોગો વચ્ચે યોગ્ય સંતુલન જાળવ્યું ન હતું. હાઈકોર્ટે અવલોકન કર્યું કે વર્તમાન કેસ આજીવન કેદની સજા માટે લાયક હોય તેવા જવલ્લે જ બનતા કેસની શ્રેણીમાં આવતો નથી.

# ભારતને વિશ્વગુરુ બનાવવા વંચિત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવા પડશે: ભાગવત

**હાંસિયામાં** ધકેલાઇ ગયેલા સમુદાયને આગળ લાવવા સરકાર અને સમાજના સહિયારા પ્રયાસો પર ભાર મૂકતા આરએસએસ વડા

બુલઢાણા(મહારાષ્ટ્ર), તા. 8(પીટીઆઈ): આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે શનિવારે જણાવ્યું હતું કે દેશને સાચા અર્થમાં 'વિશ્વગુરુ' બનાવવા માટે વંચિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને મુખ્ય પ્રવાહમાં લાવવા જરૂરી છે.

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના ખામગાંવ ખાતે પારધી સમુદાય માટેની એક રહેણાંક શાળામાં રમતગમતના મેદાનોનું ઉદ્ઘાટન કર્યા બાદ એક સભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે, જે સમુદાયોને આપણે અત્યારે 'ભટકે-વિમુક્ત' (ભટકતી અને વિમુક્ત જ્ઞાતિઓ) તરીકે ઓળખાવીએ છીએ, તેઓ એક સમયે જ્ઞાનના પ્રસારક હતા. આરએસએસ વડાએ જણાવ્યું હતું કે, 'ભટકતી અને વિમુક્ત' સમુદાયની દરેક વ્યક્તિ આપણી પોતાની છે. તેથી, આ પ્રકારનો દૃષ્ટિકોણ રાખવો અને આ લોકો માટે કંઈક કરવું એ મારી ફરજ છે, જેથી તેમનું જીવન સુધરી શકે. ભાગવતે જણાવ્યું હતું કે આ સમુદાયો એક સમયે જ્ઞાનના ભંડાર હતા.

સંઘ પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, જો આપણે ભારતને વિશ્વગુરુ બનાવવા માંગતા હોઈએ, તો સમાજના આ વંચિત વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવવા જ પડશે. ભાગવતે કહ્યું હતું કે આ ધ્યેય હાંસલ કરવા માટે, સમાજે દરેક વ્યક્તિ સમાન શક્તિ ધરાવતી હોય તે રીતે સાથે મળીને ઊભા રહેવું પડશે. તેમણે ઉમેર્યું હતું કે, દરેક પરિવાર અને દરેક વ્યક્તિને શિક્ષણ તેમજ જીવનની પાયાની જરૂરિયાતો મળવી જોઈએ, અને માત્ર સરકાર પર નિર્ભર રહ્યા વિના સમગ્ર સમાજે આ લક્ષ્ય તરફ કામ કરવું જોઈએ. આરએસએસ પ્રમુખે જણાવ્યું હતું કે ભારતીય સમાજ એક સમયે સંપૂર્ણ રીતે સંગઠિત હતો, પરંતુ વિદેશી આક્રમણકારો દ્વારા તેને ગુલામ બનાવવામાં આવ્યો જેના કારણે તેનું વિભાજન થયું. આ કાર્યક્રમમાં શિવસેના(UBT)ના નેતા અંબાદાસ દાનવે પણ હાજર હતા.

## પેજ 3

### સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ બહાર તૈનાત પોલીસકર્મીનું મોત



મુંબઈ, તા. 8: બોલિવૂડ સ્ટાર સલમાન ખાનના ઘર બહાર તૈનાત પોલીસકર્મીનું મોત થયું છે. રિપોર્ટમાં મોતનું કારણ હાર્ટ અટેક બતાવવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, કોન્સ્ટેબલ ગણેશ સલમાન ખાનના ઘર બહાર તૈનાત હતા. તેમની ઉંમર 41 વર્ષ હતી. તેઓ એ પોલીસકર્મીઓમાં સામેલ હતા, જેમને લોરેન્સ બિશ્નોઈથી સલમાનની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતા.

કોન્સ્ટેબલ ગણેશની તબિયત અચાનક બગડી હતી અને ઢળી પડ્યા હતા. ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસકર્મીઓ તેમને નજીકની હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસે જણાવ્યું કે, તેમનું મોત હાર્ટ અટેકના કારણે થયું. સલમાન ખાનના ઘર પર અત્યારે દેખરેખ રાખવામાં આવી રહી છે અને તેમને પોલીસ સુરક્ષા આપવામાં આવી છે.

### અફેરની અફવાઓ વચ્ચે ગોવિંદા એક્ટ્રેસ કોમલ સાથે જોવા મળ્યો



મુંબઈ, તા. 8: બોલિવૂડ એક્ટર ગોવિંદા આજકાલ એક એક્ટ્રેસ સાથે નામ જોડાવાને કારણે ચર્ચામાં છે. પત્ની સુનીતા અવારનવાર તેમના પર એક્સ્ટ્રા મેરિટલ અફેર અને દગો કરવાના આરોપ લગાવી ચૂકી છે. અફેરની અફવાઓ વચ્ચે ગોવિંદા એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર સાથે એરપોર્ટ પર જોવા મળ્યો હતો, જેમનું નામ તેમની પત્ની સુનીતા પણ લઈ ચૂકી છે. સુનીતાએ થોડા સમય પહેલાં જ કહ્યું હતું કે, તેમને 'કોમલ' નામથી નફરત છે. શુક્રવારે ગોવિંદા ઝારખંડ એરપોર્ટ પર કોમલ સાથે જોવા મળ્યો હતો. બ્લેક જેકેટ અને કાળાં ચશ્માં પહેરેલા ગોવિંદા કારમાંથી ઊતરે છે અને પેપરાઝીને પોઝ આપે છે. થોડી વાર પછી એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર પણ તેમની સાથે જ એરપોર્ટની અંદર જતી જોવા મળી હતી.

### માધુરી દીક્ષિત અને શ્રીરામ નેનેએ જુહૂનો ફ્લેટ રૂ. 4.40 કરોડમાં વેચ્યો



મુંબઈ, તા. 8: માધુરી દીક્ષિત અને તેમના પતિ ડો. શ્રીરામ માધવ નેનેએ મુંબઈના પોશ વિસ્તાર જુહૂમાં આવેલો વધુ એક ફ્લેટ રૂ. 4.40 કરોડમાં વેચ્યો છે, જેને તેમણે લગભગ 14 વર્ષ પહેલાં રૂ. 1.94 કરોડમાં ખરીદ્યો હતો.

સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, આ સોદો લગભગ 127 ટકાનો મૂડી વધારો દર્શાવે છે. દસ્તાવેજો અનુસાર, આ વ્યવહાર 3 જુલાઈ, 2026ના રોજ રજિસ્ટર થયો હતો, જેમાં ખરીદદારે રૂ. 26.40 લાખની સ્ટેમ્પ ડ્યુટી અને રૂ. 30,000 રજિસ્ટ્રેશન ચાર્જ ચૂકવ્યો હતો. આ ફ્લેટ જુહૂ વિલે પાર્લે ડેવલપમેન્ટ (જેવીપીડી) સ્કીમમાં મિલિટરી રોડ પર આવેલી 'ધ દીપ વર્ષા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ'ના ભાગરૂપ આઇરિસ પાર્કના નીચલા માળે આવેલો છે.

### સ્વરા ભાસ્કરને પણ ડેન્ગ્યુ થયો



મુંબઈ, તા. 8: બોલિવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કરને ડેન્ગ્યુ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર સક્રિય રહેતી સ્વરાએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા તેના ચાહકો સાથે સ્વાસ્થ્ય અપડેટ શેર કર્યું હતું. સ્વરા ભાસ્કરે હાથમાં ડ્રિપ સાથે હોસ્પિટલના પલંગ પર સૂતેલી પોતાની એક તસવીર પોસ્ટ કરી હતી. સ્વરાએ હોસ્પિટલનાં કપડાં પહેર્યાં છે અને તેના ચહેરા પર થાક સ્પષ્ટપણ દેખાઈ રહ્યો છે. જોકે, હજી પણ હસતી રહે છે અને વિજયનું ચિન્હ બતાવી રહી છે. સ્વરા ભાસ્કરે પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું, ''આ ચેપ ખૂબ જ ઝડપથી વધ્યો. ડેન્ગ્યુ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી.''

### ડેન્ગ્યુ થયા બાદ અવિકા ગોર હોસ્પિટલમાં દાખલ



મુંબઈ, તા. 8:'બાલિકા વધૂ'માં આનંદીના લોકપ્રિય પાત્ર માટે જાણીતી અભિનેત્રી અવિકા ગોર પાંચ દિવસથી સખત તાવ સામે ઝઝૂમ્યા બાદ હોસ્પિટલમાં દાખલ થઈ છે. અભિનેત્રીને ડેન્ગ્યુ થયો હોવાનું નિદાન થયું છે. તેના પતિ મિલિંદ ચંદવાનીએ તેના સ્વાસ્થ્ય વિશે અપડેટ શેર કર્યું હતું અને ચાહકોને તે ઝડપથી સાજી થાય તે માટે પ્રાર્થના કરવા વિનંતી કરી હતી. શુક્રવારે મિલિંદે ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને ખુલાસો કર્યો હતો કે, અવિકાને ગઈ રાત્રે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના નિદાન સુધીના દિવસોને યાદ કરતાં મિલિંદે કહ્યું, "અવિકા ગઈ રાતથી હોસ્પિટલમાં છે. તેને છેલ્લા પાંચ દિવસથી 103-104 ડિગ્રી તાવ હતો.